સંક્ષિપ્ત સમાચાર

વલવાડામાં બિરસા મુંડાની 151મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી



સલીમ દિવાન

ભોરિયા: અંબિકા તાલુકાના વલવાડા ખાતે ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા, મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, જિલ્લા કલેક્ટર તેજસ પટેલ, મહુવા અને અંબિકા તાલુકાના મામલતદારો, જિલ્લા તથા તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ડીવાયએસપી સહિતના અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલીમાં જલારામ પ્રાર્થના સમાજની સરાહનીય કામગીરી

બારડોલી: શ્રી ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજ, બારડોલી દ્વારા ૨૨૭મા જલારામ જયંતી મહોત્સવની ઉજવણી માનવ સેવાના ઉમદા સંકલ્પ સાથે કરવામાં આવી હતી. આ અવસરે ખાસ કરીને અશક્ત અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદરૂપ થવા માટે સંસ્થા દ્વારા ૨૫ વોકર, ૫ વ્હીલચેર અને ઓક્સિજનની બોટલ દાન પેટે અર્પણ કરવામાં આવી હતી. આ રક્તદાન શિબિરમાં ૨૨૭ યુનિટ જેટલું રક્તદાન થયું હતું. ઉપરાંત હોસ્પિટલ અને અન્ય સ્થળોએ રહેલા લોકો સુધી સેવા પહોંચાડતા બારડોલી સુગર ફેક્ટરી તથા સરદાર સ્મારક હોસ્પિટલમાં પણ લગભગ ૪,૦૦૦ વ્યક્તિઓને મહાપ્રસાદ પહોંચાડવામાં આવ્યો હતો. ધાર્મિક કાર્યક્રમો અંતર્ગત સવારે આવતા લગભગ ૫,૦૦૦ પદયાત્રીઓ માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યારે અંદાજે ૧૫,૦૦૦ ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. સાંજે ૭ કલાકે ભક્તોએ ૨૨૭ દીવાની ભવ્ય સામૂહિક આરતી કરી હતી અને યોગાનુયોગ સંસ્થા દ્વારા શરૂ કરાયેલા ભંડારાને પણ ૨૭ ગુરુવાર પૂર્ણ થયા હતા. નોંધનીય છે કે, સંસ્થાના પ્રેરણામૂર્તિ શ્રી બાલમુકુંદ મહારાજે વર્ષ ૧૯૭૦માં જલારામ મંદિરની સ્થાપના કરી હતી. છેલ્લાં ૫૬ વર્ષથી આ સંસ્થા રોટલી દાન, નિ:શુલ્ક ભોજન તેમજ વિવિધ સામાજિક અને ધાર્મિક સેવાકાર્યો અવિરતપણે કરતી આવી છે, અને હાલમાં પણ તેમનો પરિવાર આ સંસ્થામાં સેવા આપી રહ્યો છે.

વ્યારાના વીરપુર પાસે કપાસિયા તેલ ભરેલું ટેન્કર પલટી મારી ગયું

વ્યારા: વ્યારાના વિરપુર પાસે નેશનલ હાઈવે નં.53 પર 35 હજાર કિલો કપાસિયા તેલ ભરીને જઈ રહેલું ટેન્કર રોડની સાઈડમાં પલટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ ગત તા.17-11-2026ના રોજ રાત્રિના અરસામાં સોનગઢથી સુરત તરફ જતાં નેશનલ હાઈવે નં.53 પર વ્યારાના વિરપુર ગામની સીમમાં ટેન્કર નં.(GJ 18 BT 0336)ના ચાલક જસવંતસિંહ ગુરુચરણ સિંગે પોતાના કબજાના ટેન્કરને ગફલતભરી રીતે હંકારી ટેન્કરને રોડની બાજુમાં પલટાવી દીધું હતું. આ ઘટના બાદ ટેન્કર ચાલક ટેન્કરના માલિકને ફોન કરીને ઘટના અંગે જાણ કરી ઘટના સ્થળેથી નાસી ગયો હતો. ટેન્કરને 1 લાખથી વધુનું નુકસાન થતાં ટેન્કરના માલિકે વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તિલકવાડામાં દારૂ ભરેલી કાર સાથે મોરબીનો શખ્સ ઝડપાયો

સુરત: તિલકવાડા પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.પી.સોલંકીને દારૂની બાતમી મળતાં પોલીસ સ્ટાફે દેવલીયા ચોકડી ખાતે નાકાબંધી ગોઠવી હતી. તા.૨૦/૧૧/૨૦૨૬ના રોજ નસવાડી તરફથી આવતી સિલ્વર કલરની રેનોલ્ટ ડસ્ટર કાર નં.(GJ-03-KC-0898) ને પોલીસે રોકવાનો ઈશારો કર્યો હતો. જોકે, ચાલકે કાર ઊભી રાખવાને બદલે તિલકવાડા તરફ ભગાવી મૂકી હતી. પોલીસે ખાનગી વાહનમાં તેનો પીછો કરી દાજીપુરા ગામ પહેલા આર.સી.સી. રોડના છેડે કારને ઝડપી પાડી હતી. કારની ડીકીની તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧,૦૯૮ બોટલ કિંમત ૩,૨૨,૮૧૨ થાય મળી આવી હતી. આ બનાવમાં પોલીસે મોરબીની હરિઓમ સોસાયટીના રહેવાસી ચાલક રવિન્દ્રકુમાર ઉર્ફે રવિ નટવરલાલ પટેલ (ઉ.વ.૩૧)ની અટકાયત કરી છે. પોલીસે દારૂનો જથ્થો, ૩,૦૦,૦૦૦ની કિંમતની ડસ્ટર કાર અને ૧૦,૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ ૬,૩૨,૮૧૨નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચમાં નકલી ચીજવસ્તુઓ સામે કડક કાર્યવાહી કરવા આપની માંગ

ભરૂચ: ભરૂચ જિલ્લા આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકરોએ મોંઘવારી પર નિયંત્રણ લાવવા તથા બજારમાં વેચાતી નકલી અને ભેળસેળયુક્ત ચીજવસ્તુઓ સામે કાર્યવાહી કરવાની પ્રબળ માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું. પાર્ટીએ ગેસ, પેટ્રોલ-ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ નિયંત્રિત કરવા રજૂઆત કરી છે. તેમજ માંગણીઓ ન સ્વીકારાય તો આંદોલન કરવાની ચીમકી પણ આપી છે. આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી હતી કે ગુજરાત સહિત દેશમાં ગેસ સિલિન્ડર, પેટ્રોલ-ડીઝલ, ખાદ્યતેલ અને શાકભાજી જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ભાવવધારાના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું ઘરનું બજેટ ખોરવાઈ રહ્યું છે. બજારમાં નકલી અને ભેળસેળયુક્ત ચીજવસ્તુઓનું વેચાણ થતું હોવાનો આક્ષેપ કરી ગ્રાહક હિતોને નુકસાનની આશંકા વ્યક્ત કરી હતી.

સુરાલી ફાટક ઓવરબ્રિજ કામગીરી ઝડપી બનાવવા મઢી બજાર બંધ

ચાર વર્ષથી રસ્તો બંધ રહેતાં વેપાર-ધંધાને અસર

ત્રણ દિવસમાં સર્વિસ રોડનું કામ શરૂ કરી ૧૦ ફેબ્રુઆરી સુધીમાં મઢી તરફનો એપ્રોચ પૂર્ણ કરવાની તંત્રની ખાતરી



બારડોલી: વાપી-શામળાજી રાજ્ય ધોરી માર્ગ પર બારડોલીના સુરાલી ફાટક (એલ.સી.-૩૭) ખાતે ઓવરબ્રિજની કામગીરી છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહી હોવાથી રસ્તો બંધ છે. અવરજવર બંધ હોવાથી સ્થાનિક વેપારીઓના વેપાર-ધંધાને અસર પડી રહી છે અને બાલ્દા, વાંસકુઈ સહિતના આજુબાજુનાં ગામોના લોકોને બજારમાં આવવા માટે લાંબો ફેરો ખાવો પડી રહ્યો છે. આ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તેવી રજૂઆત સાથે ગ્રામજનોએ આપેલા બંધના એલાનને પગલે શનિવારે મઢીનું બજાર બંધ રહ્યું હતું.

૨૧ નવેમ્બરના રોજ મઢી, સુરાલી અને આસપાસના વિસ્તારના દુકાનદારો, ખેડૂતો અને શ્રમજીવીઓ ફાટક ખાતે એકત્રિત થયા હતા અને બ્રિજની કામગીરી ઝડપી પૂર્ણ કરવા અંગે રજૂઆત કરી હતી. તલાટી કમ મંત્રી દ્વારા ગ્રામજનો તથા અગ્રણીઓની હાજરીમાં સ્થળ પર રોજકામ કરવામાં આવ્યું હતું. રોજકામ બાદ બારડોલી માર્ગ અને મકાન પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા સુરાલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને ઉદ્દેશીને લેખિત બાંયધરી પત્ર પાઠવવામાં આવ્યો છે. આ પત્રમાં જણાવાયું છે કે, એલ.સી.-૩૭ બ્રિજના મઢી ગામ તરફનો એપ્રોચ આગામી ૧૦ ફેબ્રુઆરી-૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. ઉપરાંત બ્રિજની બંને સાઈડના સર્વિસ રોડની સંપૂર્ણ કામગીરી આગામી ત્રણ દિવસમાં શરૂ કરી દેવામાં આવશે અને તેને તાત્કાલિક ધોરણે અગ્રતા આપીને પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી છે. તંત્ર દ્વારા લેખિત બાંયધરી આપવામાં આવતાં વેપારીઓ અને ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

વ્યારાના મોપેડ ચાલકને સુરતના ઉમરપાડામાં ડાર્ક ફિલ્મનો મેમો!



નેત્રમ દ્વારા વાહનોને અપાતા મેમો સામે સવાલો ઊઠ્યા

વ્યારા: ગુજરાત પોલીસના નેત્રમના નેત્રોને જાણે મોતિયો લાગ્યો હોય તેવો અજીબો ગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તાપીમાં વ્યારાના મોપેડ ચાલકને ડાર્ક ફિલ્મનો મેમો આવતાં આશ્ચર્ય સર્જાયું હતું. સુરત જિલ્લાના ઉમરપાડા ત્રણ રસ્તાના સીસીટીવી દ્વારા અપાયો વ્યારાના મોપેડ ચાલકને પોતાની એક્સેસ નં.(GJ 26 AF 1426) ઉપર ગત તા.21-6-2026ના રોજ ઉમરપાડા ત્રણ રસ્તા પાસેથી કાચ ઉપર ડાર્ક ફિલ્મનો રૂ.500નો મેમો ફટકારવામાં આવ્યો હતો. ત્યારે વાહન મોપેડ હોય તો કાચ ઉપર ડાર્કફિલ્મનો મેમો અપાતાં તંત્રની અણઘડ નીતિ સામે આવી છે અને નેત્રમ દ્વારા વાહનોને અપાતા મેમો સામે અનેક સવાલો ઊઠ્યા છે.

નેત્રંગની ૩૫ ગ્રામ પંચાયતમાં સરપંચના હોદ્દા માટે રોટેશન જાહેર

૧૯ પંચાયત મહિલા સરપંચ માટે અનામત જાહેર કરાઈ

નેત્રંગ: નેત્રંગ તાલુકાની ૩૫ ગ્રામ પંચાયતની આગામી દિવસોમાં યોજાનારી સરપંચ-સભ્યોની ચૂંટણી માટે રોટેશન મુજબ ફાળવણી કરાતાં ક્યાંક ખુશી, ક્યાંક ગમના માહોલ વચ્ચે ચહલપહલ મચી ગઈ છે.

નેત્રંગ તાલુકાની કુલ ૩૫ ગ્રામ પંચાયતની ત્રીજી સામાન્ય ચૂંટણીમાં રોટેશન મુજબ સરપંચના હોદ્દા માટેનું તા.૧૭ના રોજ કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, ભરૂચ થકી જાહેરનામું બહાર પાડતા તાલુકામાં રાજકીય ગતિવિધિ તેજ બની છે.

જાહેરનામા મુજબ નેત્રંગ તાલુકાની ૧૬ ગ્રામ પંચાયતમાં અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવામાં આવી છે, જેમાં ૨ આટખોલ, ૭ બિલોઠી, ૮ ભેંસખેતર, ૧૦ ચાસવડ, ૧૨ ધોલેખામ, ૧૫ ફોકડી ગ્રુપ, ૧૭ કંબોડીયા, ૨૦ કેલ્વીકૂવા, ૨૬ મોરીયાણા-કુરી ગ્રુપ, ૩૧ પિંગોટ, ૩૨ રાજવાડી, ૩૪ થવા ગ્રુપ, ટીંમલા ગ્રુપનો સમાવેશ થાય છે. જ્યારે ૧૯ ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત આદિજાતિ મહિલા સરપંચ માટે અનામત જાહેર કરાયેલ પંચાયતોની યાદીમાં ૧ અરેઠી, ૩ આંજોલી, ૫ બલદવા, ૬ બિલાઠા ગ્રુપ, ૧૪ ગાલીબા ગ્રુપ, ૧૬ કામલીયા, ૧૮ કાંટીપાડા, ૧૯ કવચીયા, ૨૧ કોયલીમાંડવી, ૨૩ ખરેઠી ગ્રુપ, ૨૪ મૌઝા, ૨૫ મોરીયાણા-ચિકલોટા ગ્રુપ, ૨૭ મોટામાલપોર ગ્રુપ, ૨૮ મોટા જાંબુડા, ૨૯ નાના જાંબુડા, ૩૦ નેત્રંગ, ૩૬ વણખુંટા ગ્રુપ, ૩૭ વાંકલ ગ્રુપ, ૩૮ ઝરણાનો સમાવેશ થાય છે. કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા ઉપરોક્ત જાહેરનામું પ્રસિદ્ધ થતા જ તાલુકાનાં ૭૮ ગામમાં ચહલપહલ મચી ગઈ છે.

ધરમપોરમાં દૂધડેરી અને ગ્રામ પંચાયત કચેરીમાં ચોરી-તોડફોડ

ગામના જ યુવક સામે ગુનો નોંધાયો

માંડવી: અરેઠના ધરમપોર ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ડેરી તેમજ ગ્રામ પંચાયત કચેરીને નિશાન બનાવી ચોરી અને તોડફોડ કરવાની ઘટના પ્રકાશમાં આવી છે.

ગત તા.૧૯ નવેમ્બર ૨૦૨૬ના રોજ મધ્ય રાત્રિએ ૧૨:૩૦ વાગ્યાથી વહેલી સવારના ૪ વાગ્યાના અરસામાં ધરમપોર ગામના મંદિર ફળિયામાં રહેતા વિરલભાઈ અરવિંદભાઈ ચૌધરીએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. આરોપીએ સૌપ્રથમ પરમપોર દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ડેરીના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને લોખંડના કબાટમાં મૂકેલી દૂધ વેચાણની રોકડ રકમ રૂ.૧,૦૦૦ની ચોરી કરી હતી. બાદ આરોપીએ ધરમપોર ગ્રામ પંચાયત કચેરીનું તાળું નકૂચા સહિત તોડી અંદર પ્રવેશ કર્યો હતો. કચેરીમાં રાખેલા દસ્તાવેજો અને કાગળો વેરવિખેર કર્યા બાદ તેણે લોખંડના સળિયા વડે તિજોરી તોડવાનો પ્રયાસ કર્યો હતો. આ તોડફોડમાં આશરે રૂ.૧૫,૦૦૦નું નુકસાન પહોંચાડી આરોપી નાસી છૂટ્યો હતો. આ બનાવ અંગે ધરમપોર ગામના નિશાળ ફળિયામાં રહેતાં અમીષાબેન સુનીલભાઈ ચૌધરીએ તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.

વમલેશ્વર-લખીગામ ફેરી ટેન્ડર મુદ્દે કલેક્ટર અને ડીડીઓને રજૂઆત

ભરૂચ: હાંસોટના વમલેશ્વરથી લખીગામ હોડી ઘાટ સર્વિસના સંચાલન માટે ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડરને લઈને વિવાદ ઊભો થયો છે. ટેન્ડરમાં ભેદભાવપૂર્ણ શરતો, અગાઉના ઈજારાની વસૂલાતમાં ગેરરીતિ અને ઓનલાઈન બિડિંગ દરમિયાન સર્જાયેલી ટેક્નિકલ ખામીના આક્ષેપો સાથે સ્થાનિક હોડી સંચાલકો અને ઈજારદારોએ કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે ટેન્ડરની કેટલીક શરતો એવી રાખવામાં આવી છે, જેથી ચોક્કસ એજન્સીઓને ફાયદો થાય અને વર્ષોથી હોડી સંચાલન કરતા સ્થાનિક નાના ઈજારદારો સ્પર્ધામાંથી બહાર રહી જાય. ખાસ કરીને ત્રણ વર્ષના અનુભવનું નિર્ધારિત ફોર્મેટમાં પ્રમાણપત્ર અને એક જ સ્થળના સંચાલન માટે વાર્ષિક રૂ.૨૦થી ૨૫ લાખના ટર્નઓવરની શરત સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે. સ્થાનિક સંચાલકોનું કહેવું છે કે આવી શરતો નાના કોન્ટ્રાક્ટરો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

કસકથી ઝાડેશ્વર સુધી 150 દબાણ દૂર કરાયાં

ટ્રાફિક સમસ્યા હળવી કરવા તંત્રની મેગા ઝુંબેશ

ભરૂચ: શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને જાહેર માર્ગોને દબાણમુક્ત બનાવવાના હેતુથી વહીવટી તંત્ર દ્વારા મેગા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત કસક સર્કલથી ઝાડેશ્વર ચોકડી સુધીના મુખ્ય માર્ગ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું.

પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાયેલી કાર્યવાહીમાં 150થી વધુ દબાણો દૂર કરવામાં આવ્યાં હોવાનું માર્ગ અને મકાન વિભાગે જણાવ્યું છે. પ્રાંત અધિકારી મનીષા મનાણી, મામલતદાર માધવી મિસ્ત્રી અને નગરપાલિકાના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલ સહિતના અધિકારીઓની દેખરેખ હેઠળ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી.



માર્ગ અને મકાન વિભાગના જણાવ્યા અનુસાર રોડ માર્જિનમાં આવતા 5થી 10 મીટરના વિસ્તારમાં ઊભાં કરાયેલાં દબાણો દૂર કરવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં અંદાજે 150થી વધુ દબાણો હટાવવામાં આવ્યાં છે અને આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

નેત્રંગમાં દારૂ ઝડપાયો, 4 બુટલેગર વોન્ટેડ

નેત્રંગ: નેત્રંગના મોવી-અશનાવી બીટમાં પોલીસે અલગ અલગ રેડ કરી રૂ.૨,૪૦૦નો દેશી દારૂ જપ્ત કરી ૩ મહિલા સહિત ૪ બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યા છે. બીજી તરફ દારૂના વેચાણ સામે કાર્યવાહી ન થતાં લોકોમાં ચર્ચા જાગી છે.







નવું વર્ષ આપ સૌ નગરજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઇને આવે એવી શુભેચ્છા

નવાગામ ગ્રામ પંચાયત

સરપંચ શ્રીમતી
સુમિત્રાબેન પરભુભાઈ પટેલ

ડે.સરપંચ શ્રી
પરભુભાઈ છોટુભાઈ પટેલ

તલાટી કમ મંત્રી શ્રી
એસ.આર.દેસાઈ

ગ્રામ પંચાયતના તમામ સભ્યશ્રીઓ તેમજ સમસ્ત ગામ પરિવાર
સમયસર વેરો ભરી વિકાસના કામોમાં સહભાગી બનો

નવું વર્ષ આપ સૌ નગરજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઇને આવે એવી શુભેચ્છા

ખોલવડ ગ્રામ પંચાયત

સરપંચ શ્રીમતી
મીનાબેન ભરતભાઈ પંચાલ

ડે.સરપંચ
હારૂનભાઈ અહમદભાઈ તૈલી

તલાટી કમ મંત્રી શ્રી
એમ.વી. સખીયા

એડી.તલાટી કમ મંત્રી શ્રી
આશાબેન કે. હડિયા

ગ્રામ પંચાયતના તમામ સભ્યશ્રીઓ તેમજ સમસ્ત ગામ પરિવાર
સમયસર વેરો ભરી વિકાસના કામોમાં સહભાગી બનો